ભુડાસણથી બાયડ સુધી બાઈક રેલી યોજી પ્રાંત અધિકારીને હાર્દિક પટેલના સમર્થનમાં આવેદનપત્ર

પાટીદાર સમાજને અનામત અને ખેડૂતોની દેવા માફી અંગેના આમરણાંત ઉપવાસ ૧૩માં દિવસમાં પ્રવેશી રહ્યા છે. તેના સમર્થનમાં અને હિંમતનગરના ગઢોડા નજીક ઉમિયા માતાના રથને પોલીસે અટકાવી પાટીદાર સમાજના લોકો અને મહિલાઓને દોડાવીને માર મારતા પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે અને હાર્દિક પટેલના સમર્થનમાં શહેરો અને શૈક્ષણિક સંકુલોમાં બંધ પાડી સરકારની નીતિનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે બાયડ તાલુકાના ભુડાસણથી બાયડ સુધી બાઈક રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. પોલીસે અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો. બાયડ શહેરમાં રેલી પ્રવેશતા જ પોલીસતંત્ર દ્વારા વાહનો સાથે પાટીદારોને ડિટેન કરતા થોડીવાર માટે સામાન્ય ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. પાટીદાર સમાજના અગ્રણીઓએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગ કરી હતી.

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના પાટીદારો સમાજના પંદર સામે ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સોનાસણ ખાતે રાત્રીનાં સમયે ભાજપ આગેવાન સી.કે. પટેલના પુતળાનું દહન કરવાને લઈને પાટીદાર સમાજના આશરે ૧૫ લોકોના ટોળા સામે ગુનો નોધાયો હતો. પ્રાંતિજના સોનાસણ ખાતે ગઈ રાત્રીએ હાર્દિક પટેલના ઉપવાસ સમર્થનને લઈને સરકાર સામે થાળીઓ વેલણ વગાડી વિરોધ કર્યાં બાદ સોનાસણ ખાતે ભાજપ આગેવાન સી.કે. પટેલના પુતળાનું દહન કરતા જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામાનો જાહેરમાં ભંગ કરતાં આશરે ૧૫ જેટલા પાટીદારોના ટોળા સામે પ્રાંતિજ પોલીસના પીએસઆઈ એન.વી. જોધ્ધા દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસ જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી હતી.

પાલનપુર કોર્ટમાં આઈપીએસ સંજીવ ભટ્ટને રજૂ કરાયા : પાલીના વકીલ વિરુદ્ધ ફેંક કેસ મામલો

આજે પાલનપુર કોર્ટમાં બનાસકાંઠાના તત્કાલીન ડીએસપી સંજીવ ભટ્ટને રાજસ્થાનના પાલિના વકીલ પર ૨૨ વર્ષ અગાઉ ખોટો નાર્કોટિક્સ કેશ કરવાના આરોપ સર ધરપકડ કરી રજૂ કરાયા હતા. જેમા તત્કાલીન પીઆઈ વ્યાસને પણ ચીફ જ્યુડિશિયલ કોર્ટ પાલનપુરમાં રજૂ રિમાંડ મંગાયા હતા. જેને કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવ્યા છે.

આ ઘટનાનું આ આખું કાઈમ ૨૨ વર્ષ અગાઉ થયું હતું જેમાં રાજસ્થાનનાં પાલી ગામના એડવોકેટ સુમેરમલ રાજપુરોહિત દ્વારા પાલી ખાતે ભાડેથી રાખેલી તેમની ઓફીસ ખાલીનાં કરતા આ તકરારનાં બીજ રોપાયા હતા કેમ કે પાલી ખાતે વકીલ સુમેરમલની ભાડુઆતી ઓફીસ ગુજરાત હાઈકોર્ટ જજ આર આર જેનની બહેન અમરીબાઈની માલિકીની

હતી. જોકે આ ઓફીસ વકીલે ખાલીનાં કરતા પોતાના ભત્રીજા એવા જજ આર અર જેન સમક્ષ કાકા ફુટરમળ શાહે આ ફરિયાદ કરી હતી અને વકીલ ઓફીસ ખાલી કરે તેવો ખેલ કરવા સૂચન કરતા તે સમયના બનાસકાંઠા તત્કાલીન એસપી સંજીવ ભટ્ટ, ફૂટરમળ શાહ અને જજ આર આર જેન દ્વારા વકીલને ફસાવવા કાવતરું રચાયું હતું જેમાં તાતાકાલીન એસપી સંજીવ ભટ્ટે તે સમયના લોકલ કાઈમ બ્યુરોનાં પીઆઈ આઈ બી વ્યાસ અને પોલીસ ટીમને વકીલને નારકોટીક્સનાં જુઠા કેશમાં ફસાવવા વ્યૂહ સાથે કાવતરું રચ્યું હતું જેમાં કાવતરાના ભાગ રૂપે દ્રામો એવો કરાયો હતો કે પાલનપુરની લાજવંતી હોટલમાં વકીલ સુમેરમલ રોકાયા હતા અને તેમના રૂમમાંથી અફીણનો એક કિલોનો જથ્થો મળી આવ્યો છે. આ પ્રકારની ફેક ઘટનાને અંજામ આપી, વકીલ પાસેની ભાડાની અને જજની બહેનની પ્રોપર્ટી પરત અપાવવા પોલીસ ટીમે પાલી પહોચી રાત્રે ઊંઘમાંથી જગાડી આ પીડિત વકીલની ધરપકડ કરી હતી. જોકે તે બાદ ભય બતાવી પોલીસે

● અનુસંધાન પાના - ૭ પર

બાયડ નગરપાલિકામાં ભાજપ પાસેથી સત્તા ઝૂંટવી લેતી એનસીપી

બાયડ નગરપાલિકામાં ભાજપના મહિલા સદસ્ય શાહીન મલેક એનસીપીના ટેકાથી પ્રમુખ, ઉપપ્રમુખ તરીકે એનસીપીના ભલાભાઈ પટેલ

બાયડ, તા. ૬

અરવલ્લી જીલ્લાની ભાજપ શાસિત બાયડ નગરપાલિકાના પ્રમુખ, ઉપ પ્રમુખ પદની ચૂંટણીમાં આંતરિક વિખવાદના કારણે એનસીપીએ આજે ભાજપનો ખેલ પાડી દીધો હતો અને ભાજપના મહિલા સદસ્ય શાહીન મલેક એનસીપીના ટેકાથી પ્રમુખ પદ માટે ઉમેદવારી કરતા અને ઉપ પ્રમુખ તરીકે એનસીપીના ભલાભાઈ પટેલ ચૂંટાઈ આવતા જીલ્લાના ભાજપના પદાધિકારીઓ સમસમી ઉઠ્યા હતા. જીલ્લામાં બાયડ શહેર અને તાલુકો રાજકારણ માટેની પ્રયોગ શાળા ગણાય છે. લોકસભાની ચૂંટણીના ધમધમાટ પૂર્વે બીજેપી પાસેથી એનસીપી સત્તા આંચકી લેતા જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

ભાજપ શાસિત બાયડ નગર પાલિકામાં ભાજપ પક્ષે વફાદાર કોર્પોરેટરોની અવગણના કરાવી ભારે પડતા સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. ભાજપ દ્વારા ભૂતકાળમાં બળવો કરેલ સભ્યોને મેન્ડેટ આપતા પક્ષમાં નારાજગી જોવા મળી હતી. અરવલ્લી જિલ્લાની બાયડ નગર પાલિકા છેલ્લા અઢી વર્ષથી પ્રમુખ પદના હોદ્દાને લઈ વિવાદોમાં રહી હતી. અઢી વર્ષમાં નગર પાલિકામાં ત્રણ પ્રમુખ બદલાઈ ચુક્યા છે. ત્યારે

બાયડ નગર પાલિકામાં પ્રમુખ અને ઉપ પ્રમુખના કાર્યકાળના અઢી વર્ષની મુદત પૂરી થતાં આજે પ્રમુખ ઉપ પ્રમુખ પદ માટેની ચૂંટણી નાયબ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

હાલ આ ભાજપ શાષિત બાયડ નગર પાલિકામાં ભાજપના ૧૨ સભ્યો, એનસીપીના ૧૧ સભ્યો અને કોંગ્રેસના ૧ સભ્ય મળી કુલ ૨૪ સભ્યો હતા. ત્યારે આજે યોજાયેલી ચૂંટણીમાં ભાજપમાં આંતરિક ડખો બહાર આવ્યો હતો ભાજપ દ્વારા ભૂતકાળમાં જે બે સભ્યો દ્વારા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી હતી તે સભ્યોને મેન્ડેટ આપ્યા હતા. જ્યારે વફાદાર સભ્યોને અવગણના કરતા ભાજપના શાહીનબાનુ મલેક દ્વારા એનસીપીના ટેકાથી પ્રમુખ પદ મેળવ્યું હતું. ભાજપ સભ્ય શાહીનબાનુંના સહારે એંનસીપીએ ૧૩ મત મેળવ્યા હતા અને સત્તા મેળવી હતી અને પ્રમુખ તરીકે ભાજપમાંથી એનસીપીમાં ગયેલા શાહીનબાનું મલેક પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા જ્યારે ઉપ પ્રમુખ તરીકે એનસીપીના ભલુભાઈ પટેલ પણ ૧૩ મતે ચૂંટાયા હતા. ત્યારે નગર પાલિકામાં ભાજપે સત્તા ગુમાવવાનો વારો આવ્યો છે. ત્યારે ફરી એક વાર ભાજપમાં ડખો સામે આવતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

પ્રાંતિજના ધડકણ ખાતે ભાજપ આગેવાનના પુતળાનું દહન કરાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ધડકણ ખાતે ભાજપ આગેવાનની નનામી કાઢી પુતળાનું દહન કરવામાં આવ્યું હતુ. પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે પાટીદાર મહિલાઓ દ્વારા બપોરના સમયે ભાજપ આગેવાન સી.કે. પટેલની નમાની આખા ગામમાં ફેરવી હાય રે હાય ના નારા સાથે ગામમાં ફેરવી પુતળાનું દહન કરી રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ ખાતે શ્રી બાવન પરગણા વણકર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ન્યુ ક્રિએટિવ એસોસિએશન દ્વારા શ્રી બાવન પરગણા વણકર

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રાંતિજ ખાતે ૨-૯-૨૦૧૮ને રવિવારના રોજ હનુમાન મંદિર પાસે આવેલ શ્રી દશાશ્રીમાળી વાડી ખાતે ન્યુ ક્રિએટિવ એસોસિએશન દ્વારા શ્રી બાવન પરગણા વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા, જેમાં સમાજનાઅગ્રણીય જયંતિભાઈ, બિપીનભાઈ, સુરેશભાઈ, દયાનંદભાઈ વગેરે સમાજના આગેવાનો દ્વારા પ્રાંતિજ તથા તાલુકામાં રહેતાં શ્રી બાવન પરગણા વણકર સમાજનાં પ્રમુખ મંત્રી સહિત હોદ્દેદારો તથા સમાજના ભાઈ-બહેનો સહિત સમાજના તેજસ્વી તારલોઓ ઉપસ્થિત રહ્યાં હતા અને સમાજ થકી ન્યુ ક્રિએટિવ એસોસિએશન દ્વારા શ્રી બાવન પરગણા વણકર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે વિદ્યાર્થીઓએ પણ અભિપ્રાય આપવામાં આવ્યા હતા.

ધનસુરાની જે.એસ. મહેતા હાઈસ્કૂલ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં શિક્ષકદિનની ઉજવણી

ધનસુરા, તા. ૬

ભારત માં દર ૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની

ઉજવણી કરાય છે . ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનના રોજ ભારતમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે ધનસુરાની જે.એસ. મહેતા હાઈસ્કૂલ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં પણ શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી. શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષક બની શિક્ષણ કાર્ય કરાવ્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓએ આજે શિક્ષક બની શિક્ષકોની જગ્યાએ શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. અને શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આજના દિવસે શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને આગાઉથી પોતાનું ધોરણ અને વિષયો વહેચી દેવામાં આવ્યા હતા. અને વિદ્યાર્થીઓએ શિક્ષક બની ઉત્સાહપૂર્વક આજે શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. આમ એક દિવસ માટે શાળાના બાળકોએ શાળામાં શિક્ષક બનીને શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. હાઈસ્કૂલના આચાર્ય વિદ્યાબેન પટેલ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શિક્ષણમંત્રી નિવાસસ્થાને યોજાયેલ શિક્ષણવિદો અને લેખકોના સમારંભમાં ડૉ. સંતોષ દેવકરને સન્માનિત કરાયા

મોડાસા, તા. ૬

શિક્ષક દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના નિવાસસ્થાને યોજાયેલ "ઉત્તમ સમાજના ઘડવૈયા શ્રેષ્ઠ શિક્ષક"ના સન્માન સમારોહમાં રાજયના જાણીતા શિક્ષણવિદો કટાર લેખકો કલમના કસ્બીનોને આમંત્રીત કરી વર્તમાન શિક્ષણ અને સમાજ માટે સેતુ બનાવવાના સમારંભમાં અરવલ્લી-સાબરકાંઠાના અગ્રણી શિક્ષણવિદ અને સમાજશાસ્ત્રી અને કટાર લેખક ડૉ. સંતોષ દેવકરને સન્માનિત કરવામાં આવતા બંને જીલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

ડૉ.સંતોષ દેવકરે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષક સચિવ, નિયામક, એસ.એસ.એ.ના ડાયરેક્ટરની ઉપસ્થિતિમાં રાજયના શ્રેષ્ઠ સન્માનિત શિક્ષકોને ઉદબોધન કરી શિક્ષકનું કામ મહેક ફેલાવવાનું અને નિષ્ઠાવાન સમાજ ઉભો કરવાનું અને શિક્ષક જ આદર્શ સમાજની રચના કરી શકે તેમ જણાવ્યું હતું. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ડૉ. સંતોષ દેવકરને સન્માનિત કરી તેમના વકૃત્વને ગુજરાતની શિક્ષણધારા ગણાવી હતી.

આનંદપુરા કંપા નજીક સાકરી નદીના ગરનાળા પર વહેલી સવારે બસ લટકતા ભારે અફડાતફડી

રાજયમાં 'સલામત સવારી, એસ ટી અમારી'ના સૂત્ર સાથે અનેક બસો દોડે છે. પરંતુ આ સૂત્ર ઉંધું થઈ ગયું હોય એવું લાગી રહ્યું છે. હવે 'અસલામત સવારી, એસ ટી અમારી'નું સૂત્ર સાર્થક બની રહ્યું હોય તેવું લાગે છે. રાજયમાં અનેક જગ્યાએથી એસટી બસો અને ડ્રાઈવરોને લગતી ફરિયાદો સામે આવતી હોય છે. ત્યારે મોડાસા નજીક આનંદપુર કંપા નજીક સાકરી નદીના ગરનાળા પર સુરત-મોડાસા બસનું ટાયર નીકળી જતા ચઢી જઈ લટકતા ભારે અફડાતફડી મચી હતી. અરવલ્લી જીલ્લા એસટીતંત્ર માટે કલંકરૂપી વધુ એક ઘટનાથી જિલ્લાવાસીઓ એસટી બસમાં મુસાફરી કરવાના વિચાર માત્રથી ફફડી રહ્યા છે.

ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે સુરત-મોડાસા એસટી બસનું મોડાસાના આનંદપુરા કંપા નજીક ચાલુ બસે ટાયર નીકળતા બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બસ સાકરી નદીના ગરનાળા પર બસ ચઢી જતા મીઠી નીંદર માણતા મુસાફરો સફાળા જાગી ઉઠ્યા હતા અને ચીસાચીસ કરી મુકતા ભારે

અફડાતફડી મચી હતી. સદનસીબે કાર ગરનાળા પર અટકી જતા મોટી જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. એસટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. એસટી બસના નીચેના ભાગે ભારે નુકશાન થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

વડગામ નજીક ક્વોરીમાંની ખાણમાં અગમ્ય કારણોસર ખાબકતા મોત નિપજતા હાહાકાર

ધનસુરા, તા. ૬

ધનસુરા તાલુકાના વડાગામ પાસે આવેલી શક્તિ ક્વોરીની ખીણમાં મામાના ઘરે આવેલ બાળક મૃત્યુ પામેલ હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી હતી. ૧૨ વર્ષીય બાળક રમવા ગયા પછી પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી અને ક્વોરીની પાણીથી ભરેલી ખાણમાંથી બાળક મૃત અવસ્થામાં મળી આવતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. સમગ્ર ઘટનાની જાણ ધનસુરા પોલીસેને થતા ઘટનાસ્થળે ધસી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બાળકના મૃતદેહને પીએમ માટે મોકલી આપી હતી.

જીતપુર ગામના વતની જયંતિભાઈ ભેમાભાઈ મોલ ઉંમર-૧૨ વર્ષ પોતાના મામાના ઘરે આવેલ બાળકને ક્વોરીની ખીણ રૂપી કાળ ભરખી જતા ભારે ગમગીની છવાઈ હતી. મામાના ઘરે આવેલ બાળક રમવા જતા શક્તિ ક્વોરીની ખીણમાં પડી જતા બાળકનું મોત થયુ હતુ. બાળક ઘરે ન આવતા લોકોએ શોધખોળ હાથ ધરી હતી. ત્યારે બાળકના ચંપલ શકતિ ક્વોરીની માઈન્સ પાસે મળ્યા ત્યાર બાદ બાળકની શોધખોળ કરતા માઈન્સના પાણીમાથી બાળક મળી આવ્યુ હતુ. પગલ પસી જવાના કારણે બાળક ક્વોરીની માઈન્સમા પડી ગયું એવું પ્રાથમિક અનુમાન દેખાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની જાણ થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. મુકેશભાઈ મોલે પોલીસ ફરિયાદ નોધાવી હતી.